# સ્વાદરસિકો માટે અવનવા અથાણાં આવ્યા

## આ અથાણાંની મોસમમાં ગોળ - કેરી, લીંબુ, મેથી - ચણા, ગુંદા - કેરી, મેથી - લસણ, છુંદો સહિત વિવિધ વેરાયટીઓની બોલબાલા રહેશે

### અથાણાં બનાવવાની સીઝન આવતા બજારમાંથી કેરીની ધૂમ ખરીદી આરંભાઈ

ગાંધીનગર,તા.૪

સૌરાષ્ટ્ર, કચ્છની પ્રાચીન પરંપરા મુજબ હાલમાં પણ પ્રત્યેક ઘરમાં અથાણાઓની અવનવી વેરાયટી જોવા મળે છે.

ગરમીની શરૂઆત થતા કેરી નું આગમન થઈ ચૂકયું છે જેમાં કેસર કેરી ની સાથે સાથે અથાણાંની કેરીઓ પણ મળી રહી છે. સીઝન આવતાની સાથે જ ગૃહિણીઓએ જાત જાતના અથાણાં બનાવવાનું પ્લાનિંગ કરી દીધું છે.

ત્યારે શહેર માં ઉત્કૃષ્ઠ અથાણાં બનાવનાર નિવૃત્ત અધિકારી ના જણાવ્યા મુજબ આ અથાણાં ની મોસમ માં તેઓએ પણ ગોળ - કેરી, છુંદો, ગુંદા - કેરી, લીંબુ, ચણા - મેથી, મેથી - લસણ, ખાલી લસણ, ખાલી મેથી, કેરડા નું અથાણું એમ વિવિધ પ્રકારના અથાણાં બનાવ્યા છે.પોતાના શોખ અને કુકિંગ માં એક્સપર્ટ હોવાથી તેઓ વર્ષો થી આ બધા અથાણાં બનાવીને અથાણાં નો સ્વાદ પીરસી રહ્યા છે.ત્યારે તાજેતર માં જ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીત માં તેમણે અથાણાં અને અથાણાં ખાવાથી થતા ફાયદા વિશે જણાવ્યું હતું. બજારમાં મળતી રાજાપુરી કેરી અને દેશી કેરી માંથી તેઓ અલગ અલગ અથાણાં બનાવી રહ્યા છે.જેમાંથી સૌથી વધુ ગોળ - કરી, છુંદો અને ખાટું અથાણું ખવાય છે. આ વખતે ૧ કિલો અથાણાં નો ભાવ ૩૦૦ થી ૪૦૦ રૂપિયા છે.ગુજરાતીઓના ઘરમાં રસોડા માં બરણીઓમાં કેરી, લીંબુ, કેરડા, લીલા મરચાં, ગુંદા, આખા આમળાનો મુરબ્બો, કેરીનો છૂંદો જેવા અનેક મિક્સ અથાણા, ડુંગળી નું અથાણું , લસણનું અથાણું , લસણ અને મેથીનું અથાણું એમ સર્વ પ્રકારના અથાણાં જોવા મળે. જેમાં સૌરાષ્ટ્ર ની વાત જ કંઈક અલગ છે. ત્યાં તો આપણે જેમ સલાડ ની વેરાયટી હોય તેમ અથાણાં ની ૪ થી ૫ વેરાયટી જોવા મળે જ છે. મહેમાન ગતિ એ જઈએ તો ડાઈનિંગ ટેબલ પર અથાણાં ની લાઈન લાગી જાય એટલા શોખીન લોકો છે.અને હવે તો તમામ ગુજરાતી પરિવારોને અથાણાં પાપડ નો ચસ્કો લાગ્યો છે. ભોજન ની ડીશ માં અથાણું તો હોય જ. વિદેશ માં પણ અથાણાં ની બોલબાલા રહે છે. ભોજન માં શાક રોટલી ખાવાની ઈચ્છા ન હોય તો અથાણાં સૌથી બેસ્ટ ઓપ્શન રહે છે. તેમાંય ઘરે બનાવેલા અથાણાં જ બેસ્ટ હોય છે પ્રીઝરવેટીવ અથાણાં ન ખાવા જોઈએ.તે સ્વાસ્થય માટે હાનીકારક હોય છે.





જો કે ભાગ્યે જ કોઈ ગુજરાતી ઘર એવું હશે, જેમના ઘરે ગોળ-કેરીનું અથાણું બનતું કે ખવાતું ન હોય. રોટલી હોય, ભાખરી હોય, પૂરી હોય, થેપલાં હોય કે પછી ખીચડી, આ અથાણું બધા સાથે ખાઈ શકાય છે અને ખાવાની બહુ મજા પણ આવે છે.

લીંબુના અથાણાની વાત કરીએ તો એક સમય હતો જ્યારે નાની અને દાદી ઘણા દિવસો સુધી મહેનત કર્યા પછી અથાણું નાખતા હતા અને તે પછી અથાણું પાકવામાં ઘણા દિવસો લાગી જતા હતા. એ અથાણાનો સ્વાદ કંઈક અલગ જ હતો. આપણાં વડીલોની થાળી અથાણાં વગર પૂરી થતી ન હતી પરંતુ આપણે તેલ અને મરચાંને કારણે અથાણું ખાવાનું જ ઓછું કરી દીધું છે. પરંતુ અથાણું ખાવાથી પણ ઘણાં ફાયદા થાય છે.

અથાણામાં ફૂડ આઈટમ માં લીંબુનો રસ, તેલ કે મીઠામાં પ્રિઝર્વ કરાય છે. જ્યારે આથો લાવવાથી ફૂડમાં શરીર માટે સારા બેક્ટિરિયાની સંખ્યા વધે છે અને તે શુગર થતા કાર્બ્સને એસિડમાં પરિવર્તિત કરવામાં મદદ કરે છે.

વિવિધ પ્રકારના ફળ અને શાકમાં તેલ-મસાલા મિક્સ કરીને અથાણાં બનાવવામાં આવે છે. ઓછા તેલમાં અને પૂરતા મસાલાનો ઉપયોગ કરીને બનાવેલા અથાણાં સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે. ભોજનની સાથે અથાણાં ખાવામાં આવે છે. વિવિધ ફળ અને શાકની સાથે મસાલા અને તેલથી ભરપૂર અથાણાં ખાવાના ઘણા બધા ફાયદા છે.

આયુર્વેદ અનુસાર તલના તેલ અથવા સરસવ તેલ નો પ્રયોગ ખૂબ સારું રહે છે. મીઠાને બદલે સિંધવ મીઠું ઉપયોગ કરવો ખૂબ સારું છે. એમા લવિંગ, મરી, લીંબુ જેવા પદાર્થ તો આરોગ્યપ્રદ તથા રુચિવર્ધક તથા આપણું પેટ એટલે કે કોઠામાં ગેસ વાયુ તથા આમ દોષને ઓછો કરનારુ છે.


આથો લાવવાથી કે અથાણા ખાવાથી આપણા શરીરમાં ખોરાકનું પાચન આસાનીથી થઈ શકે છે. જયારે ફૂડમાં આથો લાવવામાં આવે ત્યારે તેમાં શરીર માટે સારા બેકટેરિયા લેક્ટોબિસિલી ઝડપથી વધે છે. જેના કારણે પાચન સારુ થાય છે.આથો લાવેલી ચીજો અને અથાણામાં કેન્સર સામે લડવાની ક્ષમતા ધરાવતા કોષો હોય છે. આથો વાળી વાનગી શરીરમાં સોડિયમ નાઈટ્રેટ તોડે છે. સોડિયમ નાઈટ્રેટ કેન્સર કારક તત્વ છે. આથી તે નાના પાયે કેન્સર થતું અટકાવવામાં ફાળો આપે છે.

અથાણા કે આથો લાવવા વાળી વાનગીમાં વિનેગર અને લીંબુના જ્યુસનો ઉપયોગ થાય છે જે બ્લડ શુગરના કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે, તેને કારણે જમ્યા પછી શુગર વધતી નથી.

આથેલી ચીજો અને અથાણામાં પ્રોબાયોટિક હોય છે જેને કારણે તમારુ પાચનતંત્ર મજબૂત કરે છે. આ કારણે તમારી રોગપ્રતિકારક શક્તિ પણ મજબૂત બને છે.હાઈ પ્રોબાયાટિક કન્ટેન્ટના કારણે તમને શરદી કે ઈન્ફેક્શનની જલ્દીથી અસર થતી નથી. સામાન્ય રીતે શરીરની પ્રકૃતિ અનુસાર અથાણા નો ઉપયોગ થવો જોઈએ.પરંતુ પિત્તપ્રકૃતિ વાળાએ, નાની ઉમરે સફેદ વાળ થવાવાળાએ, પેટમાં બળતરા એસિડ જેવા લક્ષણો, પેશાબમાં બળતરા, હાથ પગના તળિયામાં બળતરા, આંખના નંબર જેમને વધઘટ થતા હોય, હાઈ બીપી, કિડની સંબંધી નાની-મોટી તકલીફો તેમણે અથાણા નો પ્રયોગ બંધ કરવો જોઈએ અથવા તો એકદમ ઓછી માત્રામાં તેણે અથાણા ખાવા જોઈએ. એમાં મીઠું ઉષ્ણ , તીખું તથા બ્લડ પ્રેશર વધારનાર છે. ચામડીના રોગ કરનાર છે.

પરંતુ સિંધવ-મીઠું આરોગ્યપ્રદ અને શરીરને ઉપયોગી છે. કફ પ્રકૃતિવાળા મુરબ્બો, ખાટા ગળ્યા અથાણા ને બદલે તીખા, તૂરા, કડવા રસવાળાં અથાણાનો પ્રયોગ કરવો. ખાસ કરીને મેથીના અથાણા નો વધારે પ્રયોગ કરવો હિતાવહ છે. વાયુની પ્રકૃતિવાળા એ લવિંગ, મરી, પીપર, અજમો,સિંધવ, મેથી જેવા પદાર્થોથી તૈયાર કરેલ અથાણા ફાયદાકારક છે અને તે ખાવા જઈએ. વર્ષાઋતુમાં વાયુનો પ્રકોપ થતો હોય છે એ સમયે ભોજનમાં વાતશામક આહાર સાથે અથાણા નો ઉપયોગ ઈચ્છનીય છે.ડાયાબિટીસ સામે રક્ષણ મેળવવા મેથી નું અથાણું ઉત્તમ ગણાય છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



રહેવા દો... મે મારી મનની વાત હજાર વખત કહી તોય કાંઇ ફેર ન પડ્યો... તો મોદીજીની સો વખત કરેલી વાત નકામી જશે...!!



રાષ્ટ્રીય અધિવેશન અને શ્રી રામકથાના આયોજનનું હાર્દિક આમંત્રણ આપતા દિગ્વિજયસિંહ જાડેજા પ્રમુખ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સાથે સહ યજમાન ડાહ્યાભાઈ ભરવાડ અને હીરાભાઈ ભરવાડ નિજાનંદ ગ્રુપ ગાંધીનગર વતી તેઓના મોટા ભાઈ ભવાનભાઈ ભરવાડ તથા કાલાવાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, રવિન્દ્રસિંહ (દિગુભા) જાડેજા તથા ભાવનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, મધુકરભાઈ ઓઝા તથા મહાનુભાવો જોડાયા હતા.

# સે-૨૧ શાક માર્કેટના દબાણો દૂર કરાયા

## મહાનગર પાલિકાના દ્વારા દબાણ હટાવવા અભિયાન અન્વયે મોડી સાંજે સે-૭માં પણ દબાણ હટાવાયા







ગાંધીનગર,તા.૪

ગાંધીનગર મહાનગર પાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની અંદર ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત એસ્ટેટ શાખાની ટીમ દ્વારા આજે સવારે શહેરના સેક્ટર–૨૧ના શાક માર્કેટ તેમજ તેની આસપાસ દબાણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી શાકભાજી વેચનારા દ્વારા પાથરણા પાથરી તેમજ કેરેટ ગોઠવીને શાકભાજી વેચવામાં આવી રહી હતી, જેને કારણે રસ્તો સાંકળો થઈ જવાથી આવા-જવામાં મુશ્કેલી થતી હતી. જેને એસ્ટેટ શાખા દ્વારા આજરોજ આ દબાણો દૂર કરી જગ્યા ખાલી કરવામાં આવી હતી.

આ ઉપરાંત શાક માર્કેટની આસપાસ ઊભી રહેતી સોડ-શરબતની લારીઓના દબાણો પણ દૂર કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશ દરમિયાન દબાણની ટીમે ૧૬–લારી, અંદાજે ૧૫૦ જેટલા શાકભાજીના કેરેટ તેમજ ૩૦ - લોખંડના ટેબલ જપ્ત કરવામાં આવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- આગામી ૭મીએ યોજાનાર તલાટીની પરીક્ષા માટેની તૈયારીઓને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીને લઈ નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- સચિવાલય પોઈંટ બસસ્ટેન્ડની સ્ટ્રીટલાઈટો ગઈકાલે ડુલ થઈ જતાં સ્કેટીંગની પ્રેક્ટીસ કરતા બાળકો નારાજ થયા હતા. જો કે મોડી રાત્રે પછી આ લાઈટો ચાલુ થઈ હતી.
- ગાંધીનગર શહેરમાં સેક્ટરોની બસ સેવાઓ ઓછી થતાં નગરજનો અકળાયા છે.
- કલોલના રકનપુરમાં ખોડિયારધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત જલયાત્રાનું આયોજન કરાયુ હતુ.
- ધણપની પ્રા. શાળામાં સમરકેમ્પનું આયોજન કરાયુ છે.
- સે.૩-સી અંબાજી મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.
- કુડાસણના વૃન્દાવન ટ્રેડ સેન્ટર ખાતે કેન્સરનો સુપર સ્પેશ્યાલીટીસ્ટોની સેવા સાથે એક નિદાન કેમ્પનું આયોજન રવિવારે કરવામાં આવ્યુ છે.
- કલોલમાં પોલીસે વિદેશી દારૂના જથ્થા સહિત એક ઈસમને ઝડપી પાડ્યો એક વોન્ટેડ.
- દહેગામના રખિયાલ ગામે ચાર વ્યક્તીઓએ સામાન્ય બાબતે એક યુવાન અને મહિલા પર હુમલો કર્યો.
- રૂપાલ મંદિરમાંથી યુવાનનો મોબાઈલ ગઠિયાએ ચોરી કરી ફરાર થયાની ઘટના નોંધાઈ છે.
- ઝુંડાલ ગામે યુવતીએ બ્રીજ નીચે પાર્ક કરેલુ જ્યુપીટર ગઠિયો ચોરી કરી ફરાર થયાનો બનાવ નોંધાયો છે.
- ગાંધીનગરમાં ગરમી શરૂ થતાં કમોસમી વરસાદથી થયેલ કાદવ-કીચડ સુકાતાં માટી દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ છે.
- ગાંધીનગર શહેરમાં પુનઃ સનદી અધિકારીઓ, ગુજરાત વહીવટી સેવામાં બદલીના દોરને લઈ દબાતા સ્વરે ચર્ચાઓ શરૂ થઈ છે.
- ગાંધીનગર જિલ્લામાં મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા અને અન્ય ધાર્મિક કાર્યક્રમોના આયોજનને પગલે ભક્તિસભર માહોલ જામ્યો છે.
- ગાંધીનગરમાં ૧૨મીએ પ્રધાનમંત્રી મોદીની સૂચિત મુલાકાતને લઈ તંત્રએ તૈયારીઓ હાથ ધરી દીધી છે.
- બુથ સશક્તિરણને લઈ ભાજપના કાર્યકરોમાં બેઠકોનો ધમધમાટ વધવા પામ્યો છે.
- ગરમી અને કમોસમી વરસાદને પગલે પંચાયતના પદાધિકારીઓ ઓફિસ આવવાનું ટાળી રહ્યા હોવાથી લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- શહેર-જિલ્લામાં ૫ થી ૧૧ એપ્રિલ દરમ્યાન લગ્નસરાની મોસમ ખીલશે.

# દહેગામના સલકી ગામમાં બળિયાદેવ મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર,તા.૪

દહેગામ તાલુકા ના સલકી ગામમાં બળિયાદેવ મહારાજ ના નવીન મંદિર નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ થી ઉજવવામાં આવ્યો. સમસ્ત સલકી ગ્રામજનો તેમજ રાંધરી માતા નવ યુવક મંડળ દ્વારા આ પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રથમ દિવસે સાંજે સંતવાણી નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ગુરુગાદી દેવરાજ ધામ મોડાસા થી મહંત શ્રી ધનગીરી બાપુ તેમજ રંગારામ બાપુ ઝાક તેમજ સંત શ્રી પ્રહલાદસિંહજી બાપુ સરગુડી ધામ દ્વારા આશીવચન સાથે ભજન નું આયોજન કરવામાં આવ્યું હતું.

બીજા દિવસે બાપા ની ડીજે સાથે શોભાયાત્રા નીકળી હતી ત્યારબાદ બળિયાદેવ મહારાજ ની મૂર્તિ ની સ્થાપના કરવામાં આવી હતી. સમસ્ત સલકી ગામ તરફ થી મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમન્ત્રિત મહેમાનો માં દહેગામ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, દહેગામ એ પી એમ સી ચેરમેન સુમેરૂભાઇ અમીન, દહેગામ સરપંચ એસોસિઅન પ્રમુખ ઝાલા અશોકસિંહ વખતસિંહ હાજર રહ્યા હતા.

# સે ૨૨માં એપ્લિકેશન આધારે IPL ઉપર સટ્ટો રમતા યુવાનને પોલીસે ઝડપ્યો

ગાંધીનગર,તા.૪

પોલીસે દરોડો પાડીને મોબાઈલ, રોકડ સહિત ૭૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો ગાંધીનગર ગુરૂવાર

આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટના લીધે નગરમાં ક્રિકેટ ફીવર ચરમસીમાએ છે સેક્ટરોમાં ખૂણે ખૂણે ક્યાંક ક્યાંક સટોડિયાઓ પણ જામી પડ્યા છે જયારે સટોડિયાને ઝડપી લેવા પોલીસ પણ ફૂલ એકશન મોડમાં છે સે ૨૧ પોલીસે બાતમીના અંતે શહેરના સે ૨૨માં દરોડો પાડીને મોબાઈલ એપ્લિકેશન ઉપર સટ્ટો રમતા વાસણા ચૌધરી ગામના યુવાનને ઝડપી લીધો હતો જયારે આ યુવાન પાસેથી રોકડ તેમજ મોબાઈલ મળી ૭૮ હજારનો મુદ્દામાલ કબજે લેવાયો છે આજની યુવાપેઢીમાં ક્રિકેટ સટ્ટાનું દુષણ પાંગરી રહ્યું છે આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂઆતના સાથે નગરના યુવાનો ક્રિકેટના સટ્ટા ના રવાડે ચઢ્યા છે ગાંધીનગરમાં અનેક ઠેકાણે સટ્ટા નું જોર વધતા પોલીસ પણ ફૂલ એકશન મોડમાં છે સટોડીયાઓ અને ક્રિકેટ સટ્ટો રમતા શખ્સોને ઝડપી લેવા પોલીસે પણ અભિયાન હાથ ધર્યું છે મળતી માહિતી અનુસાર સેક્ટર ૨૧ પોલીસની ટીમના પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમી મુજબ વાસણા ચૌધરી ગામનો યુવાન સ્વપ્રિલ અમરતભાઈ ચૌધરી સેક્ટર ૨૨ પંચદેવ મંદિર પાસે મોબાઈલ ઉપર એપ્લિકેશન મારફતે આઈપીએલની ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમી રહ્યો હોવાની માહિતી મળી હતી . જેના આધારે પોલીસે દરોડો પાડતા સ્વપ્રિલ મોબાઈલ ઉપર સટ્ટો રમતા ઝડપાયો હતો. પોલીસે તેની પાસેથી રોકડ અને મોબાઈલ મળી ૭૮ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે . આ મામલે પોલીસે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે આ ઉપરાંત સટ્ટો રમવા માટે એપ્લિકેશનનો પાસવર્ડ અને આઈડી આપનાર વ્યક્તિની પણ પોલીસે શોધખોળ હાથ ધરી છે ક્રિકેટના સટોડિયાને પકડવા પોલીસ એકશન મોડમાં છે ગાંધીનગરમાં આઈપીએલ ક્રિકેટના ફીવર વચ્ચે અત્યાર સુધી ૩૦થી વધુ સટોડિયા પોલીસ ના હાથ માં આવ્યા છે

# દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત શેરથા ગામે ખેડૂત તાલીમ






ગાંધીનગર,તા.૪

દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી અંતર્ગત આજરોજ શેરથા ગામે ખેડૂત તાલીમ યોજવામાં આવી.જેમાં માસ્ટર ટ્રેનર મહેશભાઈ , ગ્રામસેવક શૈલેષ ભાઈ, તલાટી કમ મંત્રી શૈલેષભાઈ , તેમજ શેરથા ગામના સરપંચ શ્રી દિપકજી ઠાકોર ,ડે.સરપંચ અજમલજી ઠાકોર , ગ્રામ પંચાયત નાં સભ્યશ્રી ઓ અને ગામના ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહ્યા,

જેમાં પ્રાકૃતિક ખેતી એટલે શુ ?પ્રાકુતિ શા માટે ,અને પ્રાકુતિક્ ખેતિ ના આયામો બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

# ગોકુળપુરાની એક દુકાનમાં તસ્કરોનો હાથફેરો સિગારેટના પેકેટ સહીત ૨૦ હજારની ઉઠાંતરી

## રાત્રિના દુકાન બંધ કર્યા બાદ સવારે દુકાનના મુખ્ય દરવાજાનુ તાળુ તુટેલુ અને કેશ કાઉન્ટરમાંથી પણ રોકડ ગાયબ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં ચોરીનો ઉપદ્રવ વધી રહ્યો છે. નગરના ગોકુળપુરા વિસ્તારમાં એક પ્રોવિઝન સ્ટોરના તાળા તુટયા છે. તાળા તોડીને ચોર ઈસમોએ સિગારેટના પેકેટ સહીત રૂ ૧૯ હજારની રોકડ મળીને કુલ રૂ ૨૨ હજારના મુદ્દામાલની ઉઠાંતરી કરી છે. રાત્રિના સ્ટોર બંધ કરી સવારે દુકાનદારે મુખ્ય દરવાજાનુ તાળુ તુટેલુ જોયુ તપાસ કરતા કેશ કાઉન્ટરમાંથી રોકડ પણ ગાયબ અને માલ સામાન પણ વેરણછેરણ પડયો હતો.આખરે આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી આ બનાવ સંદર્ભે સે-૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચોરીના બનાવો વધ્યા છે. તસ્કરો બિન્દાસ્ત બની રહ્યા છે. અગાઉ શહેરના સે-૭ માં પણ ઘરફોડ પણ ચોરી થઈ હતી. જાણભેદુ તસ્કરો તક મળતા જ હાથફેરો કરી લે છે. રહેણાંક વિસ્તારમાં ઘરોની સાથે છેવાડાની દુકાનો પણ હવે તસ્કરોના ટાર્ગેટમાં હાય તેમ સ્પષ્ટ થઈ રહ્યુ છે. જયારે ગોકુળપુરા વિસ્તારમાં પણ ઘરફોડ ચોરીનો બનાવ બન્યો છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ગાંધીનગરના ગોકુળપુરામાં રહેતા અને માણસાના વતની મહેશભાઈ જશવંતભાઈ જયસ્વાલ ગિફટસીટીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. જયારે ગોકુળપુરામાં મહાકાળી પ્રોવિઝન સ્ટોર્સ પણ ધરાવે છે. જેના આધારે તેઓ તેમના પરિવારનુ ગુજરાન ચલાવે છે. મહેશભાઈ રાત્રિના સમયે તેમની દુકાન બંધ કરી ગઈકાલે રાત્રે ઘરે ગયા હતા જયારે આજે વહેલી સવારે દુકાન પહોંચતા ચોરીના બનાવ અંગે તેમને જાણ થઈ હતી. દુકાનની મુખ્ય દરવાજાનુ તાળુ તુટેલુ જોવા મળ્યુ હતુ જયારે દુકાનમાં તપાસ કરતા અંદરનો સામાન પણ વેર વિખેર હાલતમાં પડયો હતો. ડ્રોવરનુ ખાનુ પણ ખુલ્લુ જોવા મળ્યુ હતુ. જેના અંતે દુકાનના કેશ કાઉન્ટરમાથી ૩ હજારના રોકડ સિક્કા સહીત કુલ ૧૬ હજારની રોકડ ગાયબ હતા જયારે દુકાનમાંથી સિગારેટના ૨૦ પેકેટની પણ ચોરી થઈ હતી. આ મામલે તેમણે સે-૭ પોલીસ મથકે જાણ કરી હતી પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે બનાવ સંદર્ભે ઘરફોડ ચોરીનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.